# શહેર અને ગ્રામ્યમાંથી ૬૭ જુગારીઓ ઝડપાયા

## પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રૂપીયા,મોબાઈલ, વાહનો સહિત કુલ ૪.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં શ્રાવણીયો જુગાર રમી રહેલા ૬૭ જુગારીઓને પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે ૧૩ વિવિધ સ્થળો પર દરોડા પાડીને કુલ રૂ. ૪.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જુગારીઓ લાઈટના અજવાળે, ખુલ્લા ખેતરમાં, મકાનમાં જુગારની બાજી માંડી બેઠા હતા. રમી રહેલા જુગારીઓ પર પોલીસ ત્રાટકતા જુગારીઓમાં રંગનો ભંગ પડ્યો હતો. પોલીસનો જોઈને જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. જયારે ગ્રામીણ વિસ્તારમાંથી ૫૫ જુગારી તો શહેરી વિસ્તારમાંથી ૧૨ જુગારી પોલીસના હાથે ઝડપાયા છે. શહેરી વિસ્તારના જુગારીઓમાં લોકડાઉનની અસર જોવા મળી હોય તેમ લાગી રહ્યું છે. પોલીસે તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરમાં શ્રાવણીયા જુગારની મૌસમ પુરબહારમાં ખીલી ઉઠી હતી. ચિલોડા પોલીસે ગીયોડ ગામે વિનોદ પ્રહલાદભાઈ રાવલના ઘર પાસે સ્ટ્રીટ લાઈટના અજવાળે બાજી માંડીને બેઠેલા જુગારીઓ પર પોલીસે ત્રાટકી હતી. પોલીસના હાથે ૯ જુગારીઓ ઝડપાયા હતા, જેમાં જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૪૬,૭૦૦ તેમજ ૨૧ હજારના ૯ મોબાઈલ મળીનો કુલ રૂ.૬૭,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



જયારે બીજીતરફ ડભોડા પોલીસે સોનરડા રોહિતવાસ આરસીસી માર્ગની બાજુમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલા ૪ જુગારીઓને બાતમીને પગલે પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી રોકડ રૂ.૬૦ અને અંગજડતી દરમિયાન ૧ હજાર મળી કુલ રૂ.૧૦૬૦ નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોધ્યો છે.

રાયપુર માતાવાળા વાસ ખાતે મકાન પાછળ ખુલ્લી જગ્યામાં જુગારની બાજી માંડીને બેઠેલા બે જુગારીને પોલીસ કુલ રૂ.૧૩,૨૫૦ નો મુદ્દામાલ પકડી પાડ્યા હતા.

જયારે શાહપુર મનુભાઈ કુબેરદાસ પટેલના બોરકુવાની બાજુમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલા ૭ જુગારી પોલીસના હાથે પકડાયા હતા. જુગારીઓની અંગજડતી ૧૨,૯૦૦ તેમજ દાવ પરથી રોકડા ૩૫૦ મળી કુ.૧૩,૨૫૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. અહી જુગારી ઝડપાયા તે પાટણ, મહેસાણા, સાબરકાંઠા તેમજ શાહપુર તેમજ લવાડ ગામના હતા.

વલાદ વ્યાસવાડા ખાતે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા જુગારીઓમાં રંગનો ભંગ પડ્યો હતો. પોલીસને જોઈ જુગારીઓના ચહેરા જોવા જેવા થઈ ગયા હતા. પોલીસે દાવ પરથી ૯૦૦ રોકડા અને અંગજડતીમાં ૧૯,૬૯૦ મળી કુલ ૨૦,૫૯૦ રોકડા જપ્ત કરી આગળતની તપાસ હાથ ધરી હતી. જુગારીઓ મોટાભાગે વ્યાસવાડાના જ રહેવાસી હતા.

જયારે રૂપાલ થી ગોલથરા જવાના માર્ગ પર વાલરીયુ તળાવ પાસે ખુલ્લી જગ્યામાં બાજી માંડીને બેઠેલા જુગારીઓને પકડવા માટે પોલીસ આવી પહોંચી હતી. પોલીસના હાથે રૂપાલ ગામના જ ૧૩ શકુનીઓ હાથ લાગ્યા હતા. પોલીસે જુગારીઓના દાવ પરથી રોકડ રકમ ૪૮૭૦, અંગજડતી રૂ. ૩૮૧૦, ૧૩ મોબાઈલ રૂ.૮,૮૦૦, બે બાઈક કિં.૬૦ હજાર મળીને કુલ રૂ. ૧,૯૦,૯૭૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારીઓની ધરપકડ કરી હતી.

ડભોડા પોલીસે લિમ્બડીયા ઈન્દીરાનગર ખાતે જુગાર રમી રહેલા જુગારીઓને બાતમીને પગલે પકડી પાડ્યા હતા. પોલીસને જુગારીઓની અંગજડતીમાં ૩૧,૪૬૦ તેમજ દાવ પરથી રૂ.૪૪૦ મળીને કુલ રૂ.૩૧૮૮૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. લિમ્બડીયા ખાતે પકડાયેલા જુગારીઓ અમદાવાદથી જુગાર રમવા માટે આવ્યા હતા.

પેથાપુર પોલીસે ઉનાવા ગામની સીમમાં ડાહ્યાભાઈ મરઘાભાઈ પટેલના બોરકુવા ઉપર લીંબોડીઓની બાજુમાં છાપર નજીક ખુલ્લામાં જુગાર રમી રહેલા જુગારીઓના રંગમાં ભંગ પડ્યો હતો. ગામના જુગારીઓ પાસેથી પોલીસે રૂ.૧૦,૨૪૦ રોકડા જપ્ત કરી વધુ તપાસ શરુ કરી હતી.



સેકટર-૨૧ પોલીસે બોરીજ નવા પરા આર્યુવેદિક નર્સરી વરંડા પાસે ખુલ્લી જગ્યામાં બાજી માંડીને બેઠેલા ૪ શકુનીઓને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે રૂ.૧૩,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પેથાપુર પોલીસે રાવળ વાસ ખાતે જુગાર રમી રહેલા ચાર જુગારીઓને પકડી પાડ્યા હતા. તેમની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૪,૨૪૦ રોકડા જપ્ત કરી જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જયારે પેથાપુર મોટા ઠાકોર વાસ ખાતે વાસના જ જુગારીઓ કુંડાળુ વળીને બાજી માંડીને બેઠા હતા ત્યારે અચાનક પોલીસ આવી પહોંચી હતી અને ૪ જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓના દાવ અને અંગજડતી પરથી મળીને કુલ ૧૩,૦૫૦ રોકડ જપ્ત કરી હતી.

શહેરના સેકટર-૧૨ ગાર્ડન પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલા ચાર યુવકો ઝડપાયા હતા. પોલીસે અંગજડતી દરમિયાન રૂ. ૬૮૫૦, દાવ પરથી રૂ. ૩૨૮૦ તેમજ ૭૫૦૦ ના ત્રણ મોબાઈલ મળીને કુલ રૂ. ૧૭,૬૩૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે સેકટર-૪ એ પ્લોટ નં.૩૧-૧ ખાતે ઘરમાં બાજી માંડીને બેઠેલા શકુનીઓ પણ પોલીસના હાથે પકડાઈ ગયા છે. પોલીસે ૪ જુગારીઓને દાવ, અંગજડતી, મોબાઈલ રોકડ સહિત કુલ રૂ. ૨૬,૦૩૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# ભીંજારાના માહોલ વચ્ચે સેકટરોમાં દુવિધાઓનુ દંગલ રહીશો તોબા

## કાદવ કીચ્ચડ અને ગંદકી, બંધ સ્ટ્રીટ લાઇટો, રખડતા ઢોર, ખોદાયેલા ખાડા, મચ્છર અને જીવાતનો વધતા ઉપદ્રવથી સેકટરવાસીઓને મુંઝારો

ગાંધીનગર તા ૧૩

શહેરમાં સતત વરસાદી વાતાવરણ વચ્ચે સેકટરોમાં દુવિધાઓનો ખડકલો જોવા મળે છે. સેકટરોની શેરીઓમાં અંધારપટ્ટ વચ્ચે મોટામસ ગાબડા અને કાદવ કીચ્ચડ વચ્ચે રાત્રિના સમયે ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ બન્યુ છે. ખદબદતી ગંદકી વચ્ચે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓ પણ તોબા પોકારી ગયા છે.

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પેચીદી બની છે. સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા સાથે કાદવ કીચ્ચડ અને ગંદકી સાથે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધી રહ્યો છે. એકબાજુ વરસાદી પાણીના નિકાલની લાઈનનુ ખોદકામ પણ ચાલી રહ્યુ છે ત્યારે વરસતા વરસાદ વચ્ચે આ કામગીરી પણ સ્થાનિકો માટે દુવિધારૂપ બની છે. ત્યારે બંધ સ્ટ્રીટ લાઈટો અને વરસાદી પાણીના લીધે ઉબડ ખાબડ બનતા માર્ગો પણ સ્થાનિક રહીશો માટે દુવિધાનુ કારણ બન્યા છે. સેકટરોમાં વરસાદી વાતાવરણ વચ્ચે ઉદભવેલી દુવિધાઓથી સેકટરોમાં અનેક નાના મોટી દુવિધાઓ સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. બંધ સ્ટ્રીટ લાઈટો અને ખાદાયેલા ખાડાઓના લીધે જોખમી સ્થિતિનો અહેસાસ કરતા નગરજનોની રજુઆત પણ કોઈ સાંભળતુ નથી. આ ઉપરાંત નગરના જાહેર સ્થળો પર પણ રખડતા ઢોર તેમજ ગંદકીની સમસ્યા નાગરિકો માટે ત્રાસરૂપ બની છે. શહેરના શાકમાર્કેટ વિસ્તારમાં પણ પ્રવેશદ્વાર પાસે વરસાદી પાણીના લીધે ગંદકી જોવા મળે છે. આ ઉપરાંત માર્ગ વચાળે રખડતા ઢોરનો પણ અડીંગો જોવા મળી રહ્યો છે. બંધ સ્ટ્રીટ લાઈટો સાથે સેકટરોના રીંગ રોડ પર પણ રાત્રિના સમયે રખડતા ઢોર અડ્ડો જમાવતા વાહનચાલકો માટે જોખમી સ્થિતિ વધુ ગંભીર બનતી જાય છે. સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઈટોની ફરિયાદો ડામવા માટે તંત્રએ સર્વે હાથ ધરવાની અનિવાર્યતા છે. જયારે સ્ટોર્મ વોટર લાઈનની ખોદકામગીરીના લીધે માટી પુરાણ બાદ પણ કાદવ કીચ્ચડનુ પ્રમાણ વધ્યુ છે. ખદબદતી ગંદકી વચ્ચે સેકટરવાસીઓ પણ રોગચાળાની દહેશત અનુભવી રહ્યા છે. સેકટરો હાલ વરસાદી સમસ્યાની ગિરફતમાં છે ત્યારે તંત્રએ પણ મચ્છર તેમજ જીવાતનો ઉપદ્રવ દુર કરવા માટે વરાપ નિકળતા બિનજરૂરી વનસ્પિત તેમજ ઘાસની સફાઈ કરવાની અનિવાર્યતા છે.



## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર આજે તેમના વિસ્તારના વિકાસકામોને લઈ જિલ્લા પંચાયતની મુલાકાતે આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના વધુ એક સિનિયર ક્લાર્ક જગદીશ ઠાકોરનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. જિલ્લા પંચાયતના આ બીજા કર્મયોગીનો રિપોર્ટ પોઝિટીવ આવતાં પંચાયતના કર્મચારીઓમાં સન્નાટો જોવા મળતો હતો.
- ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડમાં એક કર્મચારીનો રિપોર્ટ પોઝિટીવ આવતાં બોર્ડની કચેરી સોમવાર સુધી બંધ કરવામાં આવેલ છે.
- જિલ્લામાં આજ સવાર સુધીમાં ૫૭.૮૧ ટકા જેટલો વરસાદ આ સિઝનનો નોંધાયો છે.
- લાકરોડા અને તેની આસપાસના વિસ્તારોમાં વરસાદ થતાં આજે સાકરોડાના દરવાજા ખોલાયા હતા અને ૪૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. જોકે આ પછી તેમાં ઘટાડો થયો હતો.
- ગાંધીનગર શહેરમાં યોજાનાર રાજ્યકક્ષાના ધ્વજવંદન સમારોહને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હે માડી, જન્માષ્ટમીએ મંદિર બંધ હતા તો જુગાર રમીને દિવસો કાઢ્યા... હવે નવરાત્રીએ સરખુ કરી દેજો નહીં તો વળી નવ દિવસ પાપમાં પડીશું...!!





શનિવારે ગાંધીનગરમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાના સ્વાતંત્ર્યદિનની ઉજવણી સ્વર્ણિમ પાર્ક ખાતે યોજાશે જે માટેની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે જે અંતર્ગત આ ઉજવણીમાં યોજાનાર પરેડનું ગ્રાન્ડ રિહર્સલ યોજાયું હતું. કોરોના મહામારીના સમયમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવાની હોવાથી કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ સાવચેતીના પગલાં પણ લેવામાં આવી રહ્યા છે.

# શ્રેય હોસ્પિટલ અગ્નિકાંડમાં ભરત મહંતના જામીન મંજુર

અમદાવાદના નવરંગપુરામાં આવેલા શ્રેય હોસ્પિટલમાં અગ્નિકાંડમાં ૮ દર્દીઓના મોત થયા હતાં. આ હોસ્પિટલના સંચાલક ભરત મંહતના પોલીસે કાગળ ઉપર રિમાન્ડ મેળવવા માટે કરેલી અરજી કોર્ટે ફગાવી દીધી હતી.બાદમાં આરોપી ભરત મંહતે જામીન અરજી કરતા મેટ્રોપોલીટન કોર્ટે જામીન ૧૫ હજારના પર્સનલ બોન્ડ પર જામીન મંજૂર કર્યા છે.આમ પોલીસે પહેલેથી જામીન લાયક કલમો લગાવીને આરોપીને બચાવવાનો ભરપૂર પ્રયાસ કર્યો છે. શ્રેય હોસ્પિટલમાં કોરોનાના ૮ દર્દીઓના આગને લીધે મોત નિપજયા હતા. જેમાં ચાર દિવસ બાદ અમદાવાદ કોર્પોરેશનની રિપોર્ટ બાદ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી અને તેના ૨૪ કલાકમાં મુખ્ય આરોપી અને સંચાલક ભરત મહંતને રિમાન્ડ માટે જજના ઘરે રજૂ કરવામાં આવ્યાં હતાં. કોર્ટેઆરોપીના રિમાન્ડ નામંજૂર કરતા જામીન અરજી દાખલ કરવામાં આવી હતી જેને કોર્ટે માન્ય રાખતાં આરોપીને ૧૫ હજારના પર્સનલ બોન્ડ પર મુક્ત કરવામાં આવ્યાં છે. નવરંગપુરા પોલીસ દ્વારા આરોપીની તપાસ માટે ૫ દિવસના રિમાન્ડની માગ કરવામાં આવી હતી. જોકે કોર્ટે આરોપીના રિમાન્ડ નામંજૂર કર્યા હતાં. નોંધનીય છે કે જ્યારે શ્રેય અગ્નિકાંડમાં ૮ દર્દીઓના મોત નીપજ્યાં છે ત્યારે આરોપીના જામીન મંજૂર કરવામાં આવ્યાં છે. સુરતમાં અગ્નિકાંડ થયો હતો અને મોટી સંખ્યમાં બાળકોના મોત નીપજ્યાં હતા ત્યારે આરોપીઓને વહેલી તકે જામીન આપવામાં આવ્યાં નહી પરંતુ આ કેસમાં આરોપીના ખૂબ જ વહેલા જામીન મંજૂર કરવામાં આવ્યાં છે.

## ખાનગી સ્કૂલોએ ધો.૧માં RTE હેઠળ ૨૫ ટકા પ્રવેશ આપવો પડશે

ગુજરાતના ગરીબ અને વંચિત જૂથના બાળકોને ખાનગી સ્કૂલોમાં ફરજીયાત શિક્ષણ અધિનિયમ એટલે કે રાઈટ ટૂ એજ્યુકેશન મુજબ ધોરણ ૧ માં ૨૫ ટકા બાળકોને પ્રવેશ આપવો પડશે. જેને લઈ રાજ્ય સરકારે પરિપત્ર બહાર પડ્યો છે.

ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ ટકા મુજબ વિના મૂલ્યે ધો-૧માં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. ૧૯થી ૨૯ ઓગસ્ટ દરમિયાન વેબસાઈટ પર આવેદન કરી શકાશે. ૩૧ ઓગસ્ટથી ૭ સપ્ટેમ્બર સુધીમાં જિલ્લા કક્ષાએ ઓનલાઈન ફોર્મની ચકાસણી કરી એપ્રૂવ કે રીજેક્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરાશે. પ્રવેશ પ્રક્રિયામાં ૧૧ સપ્ટેમ્બરે પ્રથમ રાઉન્ડ જાહેર કરાશે. અનાથ બાળક, સંભાળ અને સંરક્ષણની જરૂરિયાત વાળું બાળક, બાલ ગૃહના બાળકો, બાળમજૂર કે સ્થળાંતરિત મજૂરના બાળકો, મંદ બુદ્ધિ કે સેરેબલ પાલ્સી ધરાવતા બાળકો, RTEમાં સારવાર લેતા બાળકો, શહીદ થયેલા લશ્કરી કે પોલીસ દળના જવાનના બાળકો સહિત ૧૩ કેટેગરી રાખવામાં આવી છે.

# રેસ્ટોરન્ટ્સને મોડી રાત સુધી ફૂડ ડિલિવરી ચાલુ રાખવા મંજૂરી

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત સરકારે આખરે મોડી રાત સુધી ફૂડ ડિલિવરી ચાલુ રાખવાની મંજૂરી આપતા રેસ્ટોરન્ટ્સને મોટી રાહત મળી છે. સોમવારે સીએમ વિજય રૂપાણી અને ગુજરાત હોટલ્સ એન્ડ રેસ્ટોરન્ટ્સ એસોસિએશન (ઊઁઈછ)ના પ્રતિનિધિઓ વચ્ચે થયેલી બેઠકમાં મોડી રાત સુધી ફૂડ ડિલિવરી ચાલુ રાખવાની મંજૂરી મળી ગઈ છે.

આમ ખાવાના શોખીન ગુજરાતીઓ હવે મોડી રાત સુધી રેસ્ટોરન્ટ્સ અને હોટલ ફૂડના મજા માણી શકશે. ગુજરાત એચઆરએના પ્રેસિડન્ટ નરેન્દ્ર સોમાનીએ જણાવ્યું કે, લોકડાઉન બાદ બહાર ખાતા લોકોની સંખ્યામાં તીવ્ર ઘટાડો થયો છે, જોકે તાજેતરમાં ફૂટફોલ્સમાં નજીવો સુધારો થયો છે, એ પણ વીકેન્ડમાં. અમે આ મુદ્દે રજુઆત કરીને સરકારને ૧૦ વાગ્યા બાદ પણ ફૂડ ડિલિવરીની મંજૂરી આપવા કહ્યું હતું જેથી કરીને આવક ચાલુ રહે. આ અંગે મુખ્યમંત્રીએ અમને સકારાત્મક પ્રતિસાદ આપ્યો અને જણાવ્યું કે, રેસ્ટોરાં રાત્રે ૧૦ વાગ્યે પછી પણ ધંધો કરી શકશે. રાજ્ય સરકારના સુત્રએ જણાવ્યું હતું કે, ‘એવી કોઈ માર્ગદર્શિકા નથી કે જે રાત્રે ૧૦ વાગ્યા પછી રેસ્ટોરાંઓને ચાલુ રાખવા પર પ્રતિબંધ મૂકી શકે. જો રેસ્ટરન્ટો ઈચ્છતા હોય તો તેઓ મધ્યરાત્રિ પછી ધંધા માટે તેમના પરિસરને ખુલ્લા રાખી શકે છે.‘ રાજ્ય સરકાર તરફથી મંજૂરી મળ્યા બાદ હવે આવા રેસ્ટોરાંને ઘણો ફાયદો થશે જેમના બિઝનેસને લોકડાઉનને કારણે ફટકો પડ્યો છે. સિટી રેસ્ટોરન્ટસના પાર્ટનર દિલિપ ઠક્કરે કહ્યું કે, કેટલાક યુવાનો મોડી રાત સુધી ખાવાનો ઓર્ડર આપે છે. મોડા કામ કરનારા કેટલાંક આઈટી પ્રોફેશનલ્સ પણ મોડાથી ઓર્ડર માંગે છે. રેસ્ટોરન્ટસના અંદાજ મુજબ ડાઈન-ઈન્સમાં ઓછામાં ઓછા ૬૦%નો ઘટાડો થયો છે. જોકે હવે ટેકઓવેને મંજૂરી અપાતા વ્યવસાયને બચાવવામાં મદદ મળશે.

# રાજ્યમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા.૧૩

હવામાન વિભાગે સાઈક્લોનિક સર્ક્યુલેશનના કારણે રાજ્યમાં જન્માષ્ટમીથી વરસાદની આગાહી કરી હતી તે પ્રમાણે પાછલી રાતથી રાજ્યમાં ઠેર-ઠેર સારા પ્રમાણમાં વરસાદ થઈ રહ્યો છે. આવામાં અમદાવાદ સહિત રાજ્યમાં વરસાદ થયો છે. જેમાં સૌથી વધારે માંડવીમાં ૮ ઈંચ જેટલો વરસાદ થયો છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં અમદાવાદ સહિત ભારેથી અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં વરસાદે વિરામ લીધા બાદ ફરી મેઘ મહેર શરુ થઈ છે, આવામાં ખેડૂતો આનંદની લાગણી વ્યક્ત કરી રહ્યા છે. રાજ્યમાં સીઝનનો ૬૫% વરસાદ થયો હોવાનું માનવામાં આવે છે જ્યારે સૌરાષ્ટ્રમાં ૯૭% અને કચ્છમાં ૧૧૭% વરસાદ થયો છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં ૪૮% અને મધ્ય ગુજરાતમાં ૪૭% વરસાદ થયો છે. બંગાળની ખાડીમાં અને દક્ષિણ પાકિસ્તાનમાં સર્જાયેલા સાઈક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે જેની કારણે આગામી દિવસોમાં ભારેથી અતિભારે વરસાદ થવાની હવામાન વિભાગ દ્વારા આગાહી વ્યક્ત કરવામાં આવી છે, અને આ આગાહી પ્રમાણે શરુઆત થઈ ગઈ છે.

## વસ્ત્રાપુરમાં ગ્વાલિયા સ્વીટમાર્ટ સીલ કરાયું

અમદાવાદ, તા. ૧૩

ગુરૂવારે એએમસી દ્વારા વસ્ત્રાપુરમાં સનરાઈઝ મોલમાં આવેલી ગ્વાલિયા સ્વીટ માર્ટને સીલ કરવામાં આવી છે. મીઠાઈની દુકાનમાં કામ કરતા બે કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા કોર્પોરેશન દ્વારા આ કાર્યાવાહી કરવામાં આવી છે.

હત્વનું છે કે, તહેવારનો સમય હોવાથી ગ્વાલિયા સ્વીટમાર્ટમાં રક્ષાબંધન અને સાતમ-આઠમમાં અનેક લોકો મીઠાઈ ખરીદવા દુકાને આવ્યા હતા. દુકાનમાં કામ કરતા અન્ય કર્મચારીઓને પણ હોમ કોરોન્ટીન માટેની સૂચના કોર્પોરેશન દ્વારા આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં ગ્વાલિયા સ્વીટને કોરેન્ટાઈન વિસ્તાર જાહેર કર્યો છે. દુકાનના કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા ભયનો માહોલ ફેલાયો છે.